


## સલામી સવારની..

*અશક્ય છતાં 'ઈસીબી'નું ગાજર લટકાવે છે,*
*પાટીદાર ચૂલે બધા પક્ષો ખીચડી પકાવે છે,*
*થકાવે, દિશાવિહીન પત્રો-નિવેદનોથી હાર્દિક-*
*'સરકાર' કે 'સમાજ'? પટેલ નેતા ચકાવે છે...*

હાઈકુ

*બંન્ને ને કરે*
*અમેરિકા વેપારી -*
*થાબડભાણા...*
*(શસ્ત્રો ના ગ્રાહક)*

*સ્ટ્રાઈક થાય,*
*તો, દર વર્ષે પણ -*
*ગાજ ન વીજ!*
*(આ વખતે 'ખાસ')*

### ચિંતન

**દંડાભાવે મંત્રિવર્ગાભાવઃ**

કાનૂન-વ્યવસ્થાનો અભાવ યોગ્ય મંત્રીઓનો અભાવ જન્માવે છે. આ શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

રાજયમાં જો યોગ્ય કાનૂન-વ્યવસ્થા ના હોય તો યોગ્ય મંત્રીઓ અને અધિકારીઓ શોધ્યે જડતા નથી અને ભ્રષ્ટ મંત્રીઓ તથા અધિકારીઓની ભીડ ઉભરાય છે. આવા ભ્રષ્ટાચારી મંત્રીઓ અને અધિકારીઓ રાષ્ટ્રનો નાશ નોતરે છે.

આજકાલ આપણા દેશ અને રાજયને આ ચાણક્ય સૂત્ર ખૂબ જ બંધબેસતું છે. વડાપ્રધાનશ્રી પોતાના વિશ્વાસુ-ચુનંદા સચિવોને દિલ્હી લઈ ગયા બાકી વધ્યા ઘટ્યા અને ખઆલી જગ્યાઓથી રાજય ચલાવવાનું રહ્યું તેથી ભ્રષ્ટાચારે માથું ઉચક્યું અને મંત્રીશ્રીઓ પરથી દાબ-બીક ગઈ. એટલે સ્વતંત્ર થઈ ગયા અને બેનનું (બોડી-બામણીનું ખેતર) સમજી ચરવા લાગ્યા. પરિણામે બહેનશ્રીએ 'પંચોત્તેર' વહેલાં આવી ગયાં.

હવે આમે કાયદો અને ન્યાય સત્તાના ચરણ પ્રક્ષાલમાં જ પ્રવૃત્ત છે.

### સુવિચાર

- બની સિતારો નભથી ખરવું નથી મારે, દુનિયાની ધમકીથી ડરવું નથી મારે,
  કિનારો ના મળે તો ભલે ના સહી, ડૂબાડી બીજાને કયારેય તરવું નથી મારે - **એસ. ભટ્ટાચાર્ય**
- અહમ અને ફાંદના નડે જ તો બે વ્યક્તિઓ ભેટી શકે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજે આ દુનિયામાં સૌથી સુખી પ્રજા એ બાળકો છે,
  જેમને હજી સુખની વ્યાખ્યા સમજાવવામાં નથી આવી - **સંત રોબિન**
- 'તમે' 'તમારા'થી ખોવાઈ જાઓ ત્યારે 'તમને' શોધવામાં 'તમારી' મદદ કરે એ મિત્ર - **જનકલ્યાણ**
- ભાગ્યને બીજી પેઢી નથી હોતી, અને પુરુષાર્થને આખો વંશ હોય છે - **અખંડ આનંદ**
- અડધા દુઃખ ખોટા લોકો પાસે આશા રાખવાથી થાય છે,
  ને બાકીના અડધા સાચા લોકો પર શંકાથી - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : બોરસલીનું ચૂર્ણ દાંત પર ઘસવાથી દાંત મજબૂત બને છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કોઈ પણ સ્ત્રોત, રામાયણ કે ગીતાના પાઠ, મંત્ર જાપ એ બધામાં વ્યાકરણ કે એના અર્થ બોધનું મહત્ત્વ નથી પણ જો હૃદયનો સાચો ભાવ-ઉભરે, પાઠ-જાપ સાથે એકાકાર થઈ જવાય તો જ પાઠનું મહત્ત્વ છે.

યુપીના સંસ્કૃત વિદ્વાન દક્ષિણ ભારતના એક નદી કાંઠે ફરતા હતા ત્યાં એક ગામડીયો ગીતા પાઠ કરતાં કરતાં રડતો હતો. વિદ્વાને પાઠ સાંભળ્યો ઘણો અશુદ્ધ ઉચ્ચાર હતો પણ તારા પાઠમાં ભાષા વ્યાકરણ - ઉચ્ચારણની ખૂબ અશુદ્ધિ હતી; એટલે તો સંસ્કૃત બરાબર જાણતો તો નથી છતાં પાઠ કરતાં રડતો કેમ હતો.

પેલાએ કહ્યું, તારી વાત સાચી હું સંસ્કૃત બહુ જ ઓછું જાણું છું પણ પાઠ કરતાં જાણે હું જ અર્જુન હોઉં એવી અનુભૂતિ મને થાય છે અને કૃષ્ણ મને જ ઉપદેશ આપતા હોય એવું દશ્ય ખડું થાય છે એટલે રડવું આવે છે.

વિદ્વાને એની ભાવ-ભક્તિ અને અનુભૂતિને હૃદયપૂર્વક વંદન કર્યા.

# કહીં પે નજર, કહીં પે નિશાના

ભારતીય જનતા પાર્ટીની પૈતૃક સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વરસોવરસ દશેરાનું વિજયપર્વ વિધિવત્ શસ્ત્રપૂજન કરીને ઊજવે છે. આ વર્ષે દશેરા એવા સમયે આવ્યા છે જયારે ઉરી હુમલા પછી દેશ આખો પાકિસ્તાન તરફ ગુસ્સામાં છે. સર્જિકલ સ્ટ્રાઈક અગાઉ પણ થતી રહી છે, પરંતુ એને લશ્કરી રહસ્ય ગણી બહુ પબ્લિસિટી નહોતી અપાતી. ભાજપના નેતૃત્ત્વવાળી કેન્દ્ર સરકારે એ પરંપરાનું ઉલ્લંઘન કરી આ વખતાની સર્જિકલ સ્ટ્રાઈકનો મીડિયામસાલો બનાવી દીધો, એની પાછળ એનો સ્પષ્ટ રાજકીય ઉદ્દેશ જોઈ શકાય છે. ઉત્તર પ્રદેશની અને એ પછી આવનારી ગુજરાતી અને ગોવાની વિધાનસભાની ચૂંટણીઓ જીતવા માટે આ પ્રકારની કૂટનીતિ જરુરી પણ હતી. પંજાબની ચૂંટણી પર પણ સર્જિકલ સ્ટ્રાઈકની અપેક્ષિત અસર પડી શકે એમ છે. જો કે ત્યાં બે સત્રાથી ચાલી આવતી અકાલીદળ-ભાજપની રાજય સરકાર સામે પ્રજામાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે અને આ સરકાર કરતાં મૂળ પટિલાયાના રાજા અમરિંદર સિંહના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકાર વધુ સારી હતી, એવી જનપ્રતીતિ પ્રવર્તી રહી છે. ઉત્તરપ્રદેશ એ દેશની હૃદયભૂમિ છે. એને કબજે કરવા માટે મોદી અને શાહની રાજકીય જોડી આકાશપાતાળ એક કરે તે સમજી શકાય એમ છે. ઉત્તરપ્રદેશની ચૂંટમી માટે ભાજપ પાસે રાજનાથથી વધુ સક્ષમ કે પરિણામ લક્ષી ચહેરો નહીં હોવાથી રાજનાથસિંહને જ આ ચૂંટણી જીતવાની જવાબદારી સોંપાઈ છે. દશેરાના દિવસે જ રાજનાથે લખનૌમાં ભરેલ હુંકાર બહુ સૂચક છે. 'વગર વતાવ્યે છેડીશું નહીં અને જે છેડશે એને છોડીશું નહીં'નો રણટંકાર કહીં પેં નજર કહીં પે નિશાના જેવો છે. ઉત્તરપ્રદેશની પ્રજાને ભગવાન રામના આ વિજયપર્વ નિમિત્તે ફક્ત પાકિસ્તાનને પરાસ્ત કરવાનો જ નહીં, પરંતુ જાતિવાદ-વંશવાદ-ભ્રષ્ટાચાર અને કુશાસનના રાવણ સમાન વર્તમાન સપા શાસનનો અંત આવવાનો અને જાતિવાદના જોર પર સત્તામાં આવવા મથતાં માયાવતીને અટકાવવાનો સ્પષ્ટ સંદેશ આપતું મોદીનું વીરોચિત ભાષણ ભાજપના ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફૂંકે છે. 'જય શ્રી રામ' નો ગગનભેદી નારો દૂર સુધી પહોંચાડવાની વડાપ્રધાનની હાકલ આડા દિવસે સાંપ્રદાયિકતામાં ખપી ગઈ હોત, પણ દશેરા તો રામના લંકાવિજયનું જ પર્વ છે. સાથે રાવણ એ આસુરી શક્તિનું પ્રતીક છે. દિલ્હી ખાતે દર વર્ષે ઊજવાતી રામલીલામાં રાવણદહન કરતા વડાપ્રધાને આ વર્ષે સ્થળ બદલ્યું તે સકારણ છે. વિપક્ષો એનો વિરોધ પણ કરે તો એથી

**તંત્રીસ્થાનેથી...**

પ્રજામાનસમાં એમની છાપ બગડે એમ હતી. બીજી તરફ સંઘના વડાને નાગપુર ખાતે શસ્ત્રપૂજન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારને બિરદાવી. અત્યાર સુધી પાકિસ્તાનને આવો પાઠ અન્ય કોઈ વડાપ્રધાને ન ભણાવ્યો હોય, એવું ઠસાવવાની કોશિશ થઈ. સંઘ ઈચ્છે છે કે દેશ આખો ભાજપના ભગવાની આણ માને. ગૌરક્ષાના મુદ્દે કાયદો હાથમાં નહીં લેવાની સલાહ આપવાની સાથે જ સંઘવડાએ 'નાની' ઘટનાને વધુ પડતી ચગાવનારા વિપક્ષો સામે પણ આંગળી ચીંધી છે. દાદરી કે ઊના કાંડ જેવી ઘટનાઓથી ભારતીય જનતા પાર્ટીની ઈમેજને ઘસારો પહોંચ્યો છે તે સર્વવિદિત છે. આ સંજોગોમાં હવે ભારતીય જનતા પાર્ટી ફરી એક વાર 'હિંદુત્વ' નું કાર્ડ પૂરી તાકાત અને કુનેહ સાથે ખેલી દઈ ઉત્તરપ્રદેશ-ગુજરાત જેવા રાજયોમાં એની સત્તા સ્થાપવા કૃતસંકલ્પ લાગે છે. જો ૨૦૧૯ પૂર્વે યોજનારી ચૂંટણીઓમાં ભાજપ વિજયી બનશે તો લોકસભાની ચૂંટણીઓ વખતે સત્તા સ્થાને પુનરાગમન કરવામાં એને ઝાઝી મુશ્કેલી નહીં પડે. વિજયાદશમીના પર્વનો આવો સુલભ રાજકીય વિનિયોગ કરવાની તક ઝડપી લઈને પ્રબળ ઈચ્છાશક્તિ ધરાવતા વડાપ્રધાન તથા ભારતીય જનતા પાર્ટીએ એવો ઈશારો સ્પષ્ટ કરી જ દીધો છે.

# લો બ્લડપ્રેશરમાં આટલું ધ્યાન રાખજો




હાલ બી.પી.ની તકલીફ જોરમાં છે. કોઈને હાઈ બી.પી. છે તો કોઈને લો બી.પી. છે. હાઈ બી.પી.માં તો જરૂર હોય કે ના હોય, ફેમીલી ડોકટર સીધી બી.પી.ની ગોળીઓ શરૂ કરાવી જ દે છે અને જીંદગીભરનું વ્યસન બાંધી દે છે. લો બી.પી. ની ઘટના કઈક જુદી છે. મોટાભાગના કિસ્સાઓમાં લો બી.પી. એક એવી કંડીશન ગણવામાં આવે છે જે કોઈને કોઈ કારણથી ઉદ્ભવે અને ફરી મટી જાય, એટલે લો બી.પી.ને એટલુ સિરીયસલી લેવામાં આવતુ નથી. પણ આવી ગાફેલીયત ક્યારેક ગંભીર પરિણામો પણ લાવી શકે કારણકે લો બી.પીના રોગીઓની સમયસર ચિકિત્સા ન કરવામાં આવે તો ખૂબ માઠા પરિણામો ભોગવવાનો વારો આવી શકે.

ભલે સ્ટાન્ડર્ડ નોર્મ્સ પ્રમાણે ૧૨૦/૮૦ એ નોર્મલ બી.પી છે અને તેનાથી અમુક વધે એટલે હાઈ તેમજ અમુક ઘટે એટલે લો બી.પી ગણવામાં આવે છે, પણ પ્રેકટીકલી એવું નથી. દરેક વ્યક્તિની પોતાની અલગ બી.પી.ની નોર્મલ રેંજ હોય છે જે વ્યક્તિની શારીરિક પ્રકૃતિ પર આધાર રાખે છે. જેમકે પિત્ત પ્રકૃતિવાળી વ્યક્તિનું બી.પી. સામાન્ય સંજોગોમાં પણ ૧૨૦/૮૦ કરતા વધુ રહી શકે. થીયરી પ્રમાણે એ વ્યક્તિ હાઈ બી.પી.ની રેન્જમાં આવે પણ પ્રેકટીકલી તે વ્યક્તિ માટે તેની એ રેન્જ નોર્મલ જ છે.

આ જ સિધ્ધાંત લો બી.પી માટે પણ લાગુ પડે છે. લો બી.પી. નો ખ્યાલ તેના લક્ષણો પરથી આવી જાય છે. શરીર ઠંડુ પડવા લાગે, ચક્કર આવે, આંખે અંધારા આવે, માથુ દુખે, ઉલ્ટી-ઉબકા થાય, ચામડી ફિક્કી પડે, ખૂબ નબળાઈ લાગે, અને સમયસર સારવાર ન મળતા વ્યક્તિ મૂર્છિત થઈ જાય અમે ક્યારેક હૃદયાવસાદથી વ્યક્તિનું મૃત્યુ પણ નિપજે.

આવા કોઈ પણ લક્ષણો દેખાય કે તરત જ બી.પી. ચેક કરાવવું અને અમુક તાત્કાલિક ચિકિત્સા કરવી. દર્દીને સંપૂર્ણ આરામ આપવો, ગ્લુકોઝ કે ઈલેક્ટ્રોલાઈટ યુક્ત પાણી સારી એવી માત્રામાં વારંવાર આપવું, કોફી પીવડાવવી, વ્યક્તિને ખુલ્લા વાતાવરણમાં-હવા ઉજાસમાં રાખવી. તેમજ ગોળ-ખાંડ-લીંબુ આદિ યુક્ત પાણી પીવડાવવું. આટલું કરવાથી બ્લડપ્રેશર વધવા લાગે છે. લાંબા સમયથી લો બી.પી. રહેતું હોય તો તેનુ઼ નિવારણ લાવવું જરૂરી છે.




આયુર્વેદમાં અમુક અસરકારક ઔષધીઓ અને ઔષધયોગો છે જેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાથી સરસ પરિણામો મળે છે. જેમકે વિષતિન્દુક વટી, નવજીવન રસ, અશ્વગન્ધારિષ્ટ, અર્જુન ક્ષીરપાક કે અર્જુન છાલ ચૂર્ણ, પીપરીમૂળ, લવણ ભાસ્કર કે હિંગ્વષ્ટક, દ્રાક્ષાવલેહ આદિ લો બી.પી.ના શ્રેષ્ઠ ઔષધો છે. વ્યક્તિની પ્રકૃતિ મૂજબ અને તેના બળ મૂજબ ઔષધચિકિત્સા કરવામાં આવે તો સારા પરિણામો મળી શકે.

આ ઉપરાંત લો બી.પી. વાળા વ્યક્તિઓએ આહાર-વિહારમાં પણ ધ્યાન રાખવું. આહારમાં ગળ્યા, તેમજ ખારા દ્રવ્યોનું સેવન ખાસ કરવું. ખૂબ પાણી પીવું તેમજ નાળિયેર પાણી, લીંબુ શરબત, આદિ સમયસર લેવા. તાત્કાલિક જરૂર પડ્યે અમુક ગળ્યી વસ્તુઓ જેવીકે ચોકલેટ, પીપરમેંટ, સાકર આદિ સાથે જ રાખવું. લો બી.પી.માં ઈમરજંસી ઉભી ન થાય અને સમયાંતરે બી.પી. નોર્મલ રેંજમાં આવી જાય તે માટે આહાર-વિહાર અને આયુર્વેદિક ઔષધો પર પુરતું ધ્યાન આપવું.

**- contact@atharvaayu.com**

# ધૂળમાં પગલાં કશે દેખાય છે?

'અહા... હા... હા.. ગાંધી ટોપી કેટલા વરસે જોવા મળી?!'

એક વયોવૃદ્ધ ગાંધી ટોપી ધારકને બે જણાના ટેકે સ્ટેજ ઉપર ચડતાં જોઈ મારા મુખમાંથી અનાયાસ આશ્ચર્યમિશ્રિત પ્રશ્નાર્થના ઉદ્ગાર સરી પડ્યા. ખરેખર કેટલા બધા દિવસો, મહિના, અરે વરસો વીતી ગયા, આવો કોઈ ખાદીની ટોપી ધારણ કરેલો માણસ જોયો? હજી આઝાદી મળ્યે સિત્તેર વરસ થયા છે તેટલા ગાળામાં આપણે ગાંધીજીના મોટા ભાગના સિદ્ધાંતોને અભરાઈને ચડાવી દીધા છે. કયો દેશનેતા કાયમ સત્ય બોલતો હશે? અહિંસાને પૂરેપૂરા સમર્પિત હોય એવા લોકલાડિયા રાજકારણીઓ કેટલા? સ્વદેશીને નધણિયાતા વહાણમાં ભરીને દરિયામાં ધકેલી દીધી છે. સ્વચ્છતા ઝૂંબેસના ફોટા તો છાપાઓમાં બહુ છપાય છે, પરંતુ રસ્તા પર મરી ગયેલું કૂતરું પાંચ પાંચ દિવસ ગંધાતું પડ્યું રહે છે. કચરો વાળનારની ફરજમાં મૃતદેહ ઉઠાવવાનું આવતું નથી. કોઈ જાગ્રત નાગરિક બેચાર વાર ફોન કરે પછી એનો નિકાલ થઈ શકે છે. અસ્પૃશ્યતા નિવારણની હાલત બધા જાણે છે. એની દશા હાથીના દાંત જેવી છે. કોઈકે ગાંધી મૂલ્યો સાચવ્યા હોય એવું દૂર નજર કરતાં દેખાતું નથી. આવા સંજોગોમાં બિચારી ગાંધીટોપીને કોણ યાદ રાખે?

બાકી એક જમાનો હતો ગાંધી ટોપીનો! કેવો એનો પ્રભાવ અને દબદબો હતો એની વાત કહેવાનું મન થયું છે. આ પ્રસંગ પુ. લ. દેશપાંડેએ મરાઠીમાં લખેલો છે અને અરુણા જાડેજાએ તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. મહેન્દ્ર મેઘાણીએ સંપાદીત કરેલ 'ગાંધીગંગા ભાગ-૧' તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

● અમારી સાથે ધૂળમાં

સત્યાગ્રહના દિવસો હતા. મુંબઈના લેમિંગ્ટન રોડ પર પોલીસ સ્ટેશન પાસે સત્યાગ્રહીઓનું એક ટોળું આવ્યું હતું. પોલીસની ગાડીમાં નીડરતાથી ઘુસીને લોકો પોતાની ધરપકડ કરાવી લેતા હતા. એ ભીડમાં એક યુવતી હતી. પોતાની શરીર પરના ઘરેણાં એણે ઉતાર્યા. બાજુવાળા એક ભાઈના હાથમાં મૂક્યાં, પોતાનું નામ-સરનામું આપ્યું અને કહ્યું :

'આટલાં ઘરેણાં મારે ઘેર પહોંચાડી દેજો અને કહેજો કે હું સત્યાગ્રહમાં જાઉં છું!'

પેલા ભાઈએ સવાલ કર્યો, 'બહેન, આપણે તો કોઈ ઓળખાણ પણ નથી, ને આ ઘરેણા હું તમારે ઘેર પહોંચાડી દઈશ એવો ભરોસો કેવી રીતે રાખો છો?'

'તમારા શરીર પર ખાદી છે ને માથે ગાંધીટોપી છે ને, એટલે !'

●●●

પંદરમી ઓગસ્ટ-૧૯૪૭ની મધરાતે ભારતમાં સત્તાપલટો થયો. ખાદીધારીઓ ગાદીધારી બન્યા. માથે શોભતી ટોપી કયારે અદશ્ય થઈ ગઈ એની કોઈને ખબર પણ પડી નહીં. અને હવે તો...

... પણ જવા દો ને વાત. નકામો જીવ બાળવાનો કોઈ અર્થ નથી. મેં તમને શરુઆતમાં જે ગાંધીટોપીવાળાની વાત કરી એની થોડીક વિગતો કહું :

ગુજરાતી લેક્સિકોન સંસ્થા તરફથી રતિલાલ ચંદરયાની સ્મૃતિમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ગણેશ દેવીની અધ્યક્ષતામાં ગુજરાતી ભાષાના સંવર્ધન અંગેનો એક વિશિષ્ટ કહી શકાય તેવો કાર્યક્રમ તા. ૮.૧૦.૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. તેમાં ૧૯૫૦માં જાન્યુઆરીથી શરુ થયેલા અને ડિસેમ્બર-૧૯૭૮માં બંધ પડેલા મહેન્દ્રભાઈ મેઘાણીના 'મિલાપ'ના કુલ ૩૩૯ અંકનું ડિજિટીલાઈઝેશનની સીડીનો અર્પણ વિધિ રાખવામાં આવ્યો હતો. મહેન્દ્ર મેઘાણીની સાહિત્યલક્ષી કામગીરી અને મિલાપના સમૃદ્ધ સાહિત્યથી સુજ્ઞ વાચકો ભાગ્યે જ અજાણ હશે. આ પ્રસંગે મહેન્દ્રભાઈ તેમની નરમ તબિયત છતાં ખાસ હાજર રહ્યા હતા. એમને હું કદાચ ત્રણેકવાર મળ્યો છું. એ જ સફેદ લેંઘો, ઝભ્ભો અને માથે ખાદીની ટોપી, મિલાપના તમામ અંકો એક સાથે ઉપલબ્ધ થવાથી જ મન પ્રસન્ન થઈ ગયું. એમાં વળી માથે ગાંધીટોપી ધારણ કરેલા મહેન્દ્રભાઈના દર્શન થયા. પછી મન ઘેલું ના થાય તો શું થાય? મહેન્દ્રભાઈએ મિલાપના નવેમ્બર-૧૯૭૮ના અંકમાં લખેલા 'ચંદ રોજ'નું ભાવવાહી વાચન કર્યું.




વિદાય લેતા મિલાપની રજૂઆત તેમણે આ શબ્દોમાં શરુ કરેલી.

હે બહારે બાગ દુનિયા ચંદ રોજ!
દેખ લો ઈસકા તમારા ચંદરોજ.
ફિર તુમ કહાં ઔ' મૈં કહાં, ઐ દોસ્ત!
સાથ હે મેરા - તુમ્હારા ચંદરોજ.

મહેન્દ્રભાઈની છબી આંખોમાં ક્લિક થઈ ગઈ છે અને ઉપરના શબ્દો ચિત્તમાં કોતરાઈ ગયા છે. ઘણા શબ્દો અત્તરના ટીપાં જેવા હોય છે. વાંચતા વાંચતા પણ સુગંધ શ્વાસમાં પ્રવેશી જાય. આવું હું નથી કહેતો, હરિશ મીનાશ્રુ કહે છે :

**ગઝલ**

**કાગળ કે પત્તરનું ટીપું,**
**શબ્દો તો અત્તરનું ટીપુ.**
**કંકુ ઝરતા સ્મરણો વચ્ચે,**
**આંસુ તો અવસરનું ટીપું.**
**કપૂરની માફક ઓગળતું,**
**સપનું તો નીંદરનું ટીપું.**
**ઝીણું અમથું ઝાકળ જેવું,**
**માણસ તો જીવતરનું ટીપું.**

**- હરિશ મીનાશ્રુ**

# રાખો આંખોમાં શ્રીરામ, બીજું કાઈ ના ભાળો! કરજો રામ કેરાં કામ, જુઠ્ઠી કામના ટાળો!

દશેરા (દશહરા) અથવા વિજયાદશમીનું પર્વ રંગેચંગે ઉજવાયું. કવિ કુલગુરુ કાલિદાસે લખ્યું છે; ઉત્સવ પ્રિયાઃ ખલુ માનવાઃ'' લોકો ઉત્સવ પ્રિય હોય છે, ઉત્સવો સૌને માણવા ગમે છે. લગાતાર નવ દિવસની સાધના પછી શક્તિ સંપન્ન થયેલો મનુષ્ય વિજય માટે થનગને એ સહજ સ્વાભાવિક છે. આમ વિજયાદશમી એટલે ભક્તિ અને શક્તિનો સમન્વય સાધતું પર્વ. આપણા આર્ષદ્રષ્ટાઓએ વ્યક્તિ અને સમાજના લોહીમાં ખુમારી-વીરતા ધબકે એ માટે દશેરા નો ઉત્સવ રાખ્યો છે, ભલે બીજું કોઈ લડાઈ જીત્યું હોય પરંતુ જે જીત્યો છે તે આપણો માણસ હતો. માટે આપણે જીત્યા બરાબર જ ગણાય. તેથી જ વિજયોત્સવ નો આનંદ બમણો હોય છે.

ચાલો દશેરા-દશહરા-વિજયાદશમીનો પર્વ બોધ સમજીએ. જો યુદ્ધ અનિવાર્ય હોય તો શત્રુના હુમલાની રાહ જોયા વિના ''પ્રથમ ઘા રાણાનો'' એ ન્યાયે પરાભવ કરવો એ કુશળ રાજનીતિ છે. શત્રુ ઘૂસણખોરી કરે, લુંટફાટ કરે, ખૂનામરકી કરે ત્યારપછી લડવાની તૈયારી કરે એવા આપણા પૂર્વજો નામર્દ ન હતા. તેઓ તો દુશ્મનની બદદાનત કળી જઈ તેમના સીમાડા ઉપર જ ત્રાટકી પડતા. ''દર્દ અને દુશ્મનને ઉગાતાજ ડામી દેવા.'' એકવાર પગપેસારો થઈ ગયો પછી તેના ઉપર કાબુ મેળવવો ખૂબ અઘરો થઈ પડે.

ભગવાન શ્રીરામચંદ્રજીએ રાવણને મહાત કરવા આ જ દિવસે પ્રસ્થાન કર્યું હતું. છત્રપતિ શિવાજી મહારાજે પણ ઔરંગઝેબને જેબ કરવા આ જ દિવસે પ્રસ્થાન કરી હિંદુ ધર્મનું રક્ષણ કર્યું હતું. આપણા હિંદુરાજાઓ આ જ દિવસે વિજય પ્રસ્થાન કરતા. આની પાછળ એક કારણ એ પણ હતું કે વર્ષાની મહેરથી ધન-ધાન્યથી સમૃદ્ધ હરિયાળાં ખેતરો – પાકેલા પાક જોઈ માનવમન હરખઘેલું હોય... વરસાદની વિદાય પછી કાદવ-કીચડ સુકાયો હોય... હવામાન અનૂકુળ હોય... આકાશ નિરભ્ર સ્વચ્છ હોય... એવું વાતાવરણ યુદ્ધ માટે સાનૂકુળતા સર્જનારું ગણાય. લગાતાર નવ નવ દિવસ અનન્ય ભક્તિભાવે મા જગદંબાને આરાધી મેળવેલી શક્તિ પણ શત્રુનો સંહાર કરવા પ્રેરતી હોય છે.

એક રોમાંચક પૌરાણિક ઘટના યાદ આવે છે. એકવાર વરતંતુનો શિષ્ય કૌત્સ ગુરુદક્ષિણા રૂપે આશ્રમ માટે ચૌદ કરોડ સોનામહોરો લેવા આવ્યો. રઘુએ તો સર્વ દક્ષિણાદાન કરી દીધું હતું. સાવ અકિંચન થઈ ગયા હતા. માટીના વાસણમાં જમવાના દિવસો આવ્યા હતા. કૌત્સને જોઈ રઘુએ વિચાર્યું એક વિદ્યા વ્રતસ્નાતક ગુરુદક્ષિણા માટે આવે અને મારે આંગણેથી ખાલી હાથે પાછો ફરે તો મારી સાત પેઢી લજવાય. એ અપયશ હું નહિ લઉં. પછી તો રઘુએ ધન સંગ્રહી બેઠેલા કુબેરને સીમોલ્લંઘનનું અલ્ટીમેટમ આપ્યું. રઘુથી ગભરાયેલા કુબેરે શમીવૃક્ષ ઉપર સોનામહોરો વરસાવી. આજે પણ શમીવૃક્ષે વૈભવ આપ્યો એમ માની શમીવૃક્ષનું પૂજન કરવામાં આવે છે. પાંડવોએ પણ પોતાના હથિયારો શમીવૃક્ષ પર સંતાડ્યા હતાં. તેથી પણ તેનું મહત્વ છે. રઘુએ શમીવૃક્ષ પર વર્ષારૂપે પડેલી સોનામહોરો કૌત્સને આપી. ચૌદકરોડથી વધુ ન લઉં તેવો તેણે (કૌત્સે) આગ્રહ રાખ્યો. અને તારા નિમિત્તે આવી છે તેથી વધારાની મારી તિજોરીમાં રખાય નહિ એવો આગ્રહ રઘુએ સેવ્યો. દોસ્તો, સાવ અકિંચન થયા હોવા છતાં વિત્ત-વૈભવ ન લેવાવાળા આવા ઉન્નત ચરિત્રો તો ભારતભૂમિમાં જ જોવા મળે! આખરે વધેલી સોનામહોરો લોકોમાં લૂંટાવી દીધી. હું એકલો નહિ સહુ વહેંચીને ખાઈશું આવો ઉદાત્ત ભાવ!!

આવી હતી પ્રાચીન ભારતીય મૂલ્યનિષ્ઠ ઉન્નત જીવન બધ્ધતા.. આજના સંજોગોમાં આ બધું કદાચ સ્વપ્નવત લાગે... આપણી બુદ્ધિ કદાચ ન સ્વીકારે.... આજે પ્રકૃતિએ પણ સ્વભાવ બદલ્યો છે ને માણસે પણ મિજાજ બદલ્યો છે... ચારેકોર ભોગવાદ – જડવાદે ઘેરો ઘાલ્યો છે. માનવમનમાં કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર આ ષડરિપુ શત્રુ થઈને બેઠા છે. આજે ક્યાંય સ્થૂળ રીતે લડવા જવું પડે એવું નથી. પરંતુ આપણા માહ્યલામાં પંડને પીડતા આ ષડરિપુઓને ઓળખી લઈ જાત સાથે સીમોલ્લંઘન કરવાનું છે. આ શત્રુઓની ચાલ પારખી લો. એ આગળ વધતાં અટકે એ માટે પ્રામાણિક પ્રયાસ આદરો.




આજે નૈતિક મૂલ્યોનો હ્રાસ થયો છે. સાચું માનવ્ય શોધ્યું ન જડે એટલે જ તો કવિ સુન્દરમ એ પોકાર્યું, ''વસુંધરાનું વસુ થાઉં તો ઘણું, હું માનવી માનવ થાઉં તો ઘણું.'' આપણી સંસ્કૃતિના ચિહ્નો ભૂલાયા ને ભૂંસાયા.... દીન-હીન-દુર્બળ-લાચાર-ભોગાક્રાંત વૃત્તિને સંહારવા કટિબદ્ધ થવું પડે.

આવા કલિકાળમાં''મનુષ્યગૌરવ ઉભું કરવા, માનવ્યને ખિલવવા આજથી નવ દાયકા પૂર્વે એક સાચા ચિત્તપાવન બ્રાહ્મણ અર્થાત મહામના સત્પુરુષ પૂજનીય ''તાત્યા'' એ (પ.પૂ.પાંડુરંગશાસ્ત્રીના પિતાશ્રી) મક્કમતાથી વિચાર્યું કે અનાત્મપૂજનથી થી ભરેલા, ભોગકામનાઓમાં ડૂબેલા આ બદલાતા – બગડતા વિશ્વમાં વ્યક્તિગત શીલનિર્માણ માટે (True character development) શું એવું કોઈ સ્થાન કે જગ્યા હોય કે જ્યાંથી ગીતાકથિત પ્રભાવી પૂર્ણસત્ય કહેવામાં આવે? જ્યાંથી માનવ્યને ઋષિપ્રણિત વેદોક્ત દૈવીમાર્ગ બતાવવામાં આવતો હોય? પ...ણ.. આવું તો ક્યાંય જોવા જાણવા ન મળ્યું પરિણામે માનવ્યને પુનઃ ગૌરવ અપાવવાવાળા એક સ્થાવર સ્થાનની, ઋષિઓના સાર્થક અરમાનની, વિશુદ્ધ મહાન વ્યાસપીઠની વિશ્વને નિતાંત આવશ્યકતા છે. આવા પ્રગલ્ભ વિચારથી એક એવી જગ્યા – એક એવી પાઠશાળાનું નિર્માણ ''તાત્યા'' એ કર્યું. જ્યાંથી સ્વયં સરસ્વતીના તેજસ્વી વિચાર નાચંતા મોરલાની જેમ રંગબેરંગી પાંખો ફેલાવી હોય, જ્યાંથી મા ગંગાની જેમ નિત્યનૂતન, પાપવિનાશક પ્રવચનોનો પુનિત પ્રવાહ સદૈવ વહેતો હોય. હા, આજથી નેવું (૯૦) વર્ષ પૂર્વે નવરાત્રિના આ પવિત્ર દિવસોમાં જેણે આકાર લીધો તે તાત્યાની પાઠશાળાની દીર્ઘદ્રષ્ટિને નમસ્કાર કરું છુ!

નેવું(૯૦)વર્ષ પહેલાં દશહરા-દશેરા પર સ્થાપિત થયેલી એવી મા પાઠશાળાના દિવ્યદર્શનને આજે નમસ્કાર કરું છુ!! અને નેવુંમા વર્ષની આ આવવાવાળી પવિત્ર એવી ભાવપૂર્ણ વિજયાદશમી મનાવવા આ નવરાત્રિમાં ઘેર ઘેર જઈને (hut to hut and heart to heart) સાચા સીમોલ્લંઘનનું દાદાજીનો સંબંધ બાંધવાનો, સાચું શક્તિપૂજન કરવાનો સંકલ્પ કરીએ. પ.પૂ.પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી (પૂ.દાદા) ના પંચાણું(૯૫)મા જન્મદિને ''મનુષ્યગૌરવદિને'' શતશઃ નમસ્કાર!!!

અનાન્યાહ ભક્તિફેરીમાં જનારા સૌ કૃતિશીલોને અંતઃકરણ પૂર્વકના જય યોગેશ્વર!!!

***સ્પર્શમણિ :***

''ભગવાન મારી સાથે છે.... એ સમજણ જો સતત ઘૂંટાયા કરે તો માણસમાં ઉત્સાહ પાકો થાય, સ્ફૂર્તિને ટકવાનું સહજ મન થાય અને નિયંત્રણ સહજ બને''

**- પૂ.પાંડુરંગશાસ્ત્રી આઠવલે**

**- Rasikvaland1965@gmail.com**